સાણંદથી દેશનો ટેક-ક્રાંતિનો નવો યુગ શરુ

પીએમ મોદી દ્વારા માઇક્રોન સેમિકન્ડક્ટર ઉત્પાદન સુવિધાનો આરંભ થયો

ગાંધીનગર : અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 22,516 કરોડના વિશાળ રોકાણ સાથે માઈક્રોન સેમિકન્ડક્ટર ફેસિલિટીની આરંભ કરાવી દેશની ટેક-ક્રાંતિના નવા અધ્યાયનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે ૨૦મી સદીનું રેગ્યુલેટર ઓઈલ હતું, જ્યારે ૨૧મી સદીનું રેગ્યુલેટર માઈક્રોચિપ બનશે. ગુજરાત હવે દેશના 'સેમી કન્ડક્ટર' તરીકેની ઓળખને પ્રસ્થાપિત કરશે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિશ્વ આજે AI રિવોલ્યુશનની સદીમાં પ્રવેશી રહ્યું છે અને ભારત આ પરિવર્તનનો માત્ર ભાગીદાર નહીં, પરંતુ નેતૃત્વ કરનાર દેશ તરીકે ઉભરી રહ્યું છે. "ઇન્ડિયા ઇઝ રેડી, ઇન્ડિયા ઇઝ રિલાયેબલ એન્ડ ઇન્ડિયા ડિલિવર્સ"નો દ્રઢ સંદેશ આપતા તેમણે ઉમેર્યું કે ભારત હવે વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યૂ ચેઇનમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવી રહ્યું છે. સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેર ક્ષેત્રે પણ પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરી રહ્યું છે.

રાષ્ટ્રીય સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત નિર્મિત આ અદ્યતન ATMP પ્લાન્ટ (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) દેશના ટેક-ઇકોસિસ્ટમને નવી ગતિ આપશે. વડાપ્રધાનશ્રીએ પ્લાન્ટની મુલાકાત લઈ સેમિકન્ડક્ટર ચિપના એસેમ્બલી અને પેકેજિંગ પ્રક્રિયાની વિગતવાર માહિતી મેળવી હતી. જૂન-૨૦૨૩માં થયેલા સમજૂતી કરારથી લઈને ફેબ્રુઆરી-૨૦૨૬માં કોમર્શિયલ પ્રોડક્શન સુધીનો માત્ર ૯૦૦ દિવસનો સમયગાળો ભારતની કાર્યક્ષમતા અને નીતિગતિનું જીવંત ઉદાહરણ હોવાનું તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ, સીએમ ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. માઈક્રોન દ્વારા ડેલ ટેક્નોલોજીના પ્રથમ કોમર્શિયલ "મેડ ઇન ઇન્ડિયા" શિપમેન્ટનું હેન્ડઓવર પણ વડાપ્રધાનની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. પીએમ મોદીએ કહ્યું હતું કે ભારતનું લક્ષ્ય માત્ર એક ફેક્ટરી સ્થાપવા પૂરતું નથી, પરંતુ સંપૂર્ણ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વિકસાવવાનું છે – જેમાં ડિઝાઇન એન્જિનિયરથી લઈને મશીન નિર્માતા અને લોજિસ્ટિક્સ સુધીના તમામ સ્તરોનો સમાવેશ થાય છે. 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0' આ દિશામાં મોટું પગલું સાબિત થશે.

સાણંદ સાથેના સંસ્મરણો વાગોળતાં તેમણે જણાવ્યું હતું કે એક સમય હતો જ્યારે અહીં ઓટોમોબાઈલ ક્રાંતિનો આરંભ થયો હતો અને આજે તે જ ધરતી ગ્લોબલ મેપ પર સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહી છે. પર્યાવરણ અને પ્રગતિના સંતુલન પર ભાર મૂકતા તેમણે પ્લાન્ટના વિશાળ ક્લીન રૂમ સ્પેસ અને પાણીના સંરક્ષણ માટેની વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.અંતમાં વડાપ્રધાને વિશ્વના રોકાણકારોને વિશ્વાસ આપ્યો કે ભારત અને ગુજરાત સરકાર ખભેખભો મિલાવીને ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ માટે પ્રતિબદ્ધ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ દશક ભારતના ટેક-ફ્યુચરનો સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ સાબિત થશે અને સાણંદ દેશની સેમિકન્ડક્ટર ક્રાંતિનું પ્રવેશદ્વાર બની રહેશે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ ભારત માટે લાભદાયક પણ ચિંતાજનક છે

પાકિસ્તાન અને અફઘાન તાલિબાન વચ્ચે ફરી એક વાર હિંસક સંઘર્ષ ફાટી નીકળ્યો છે. પાકિસ્તાની સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે અફઘાન તાલિબાન સામે ખુલ્લું યુદ્ધ જાહેર કર્યું છે. પાકિસ્તાનનો આરોપ છે કે પાકિસ્તાન વિરુદ્ધના હુમલાઓ અફઘાન ધરતી પરથી આયોજિત કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાન સરકારે દાવો કર્યો છે કે તેની લશ્કરી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં અફઘાન તાલિબાનના ૧૩૩ સભ્યો માર્યા ગયા છે અને ૨૦૦ ઘાયલ થયા છે. પાકિસ્તાને કહ્યું હતું કે આ હુમલાઓમાં અફઘાનિસ્તાન સરહદ નજીક સાત આતંકવાદી છાવણીઓને નિશાન બનાવવામાં આવી હતી અને કહ્યું હતું કે પાકિસ્તાનમાં તાજેતરમાં થયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટો બાદ આ હુમલા કરવામાં આવ્યા હતા. અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે પુષ્ટિ આપી કે પાકિસ્તાને રાજધાની કાબુલ, પક્તિકા અને કંદહારમાં અનેક સ્થળોએ બોમ્બમારો કર્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ દરમિયાન જો પાકિસ્તાન અને અફઘાન વચ્ચે લાંબું યુદ્ધ શરૂ થાય તો ભારત પર તેની શું અસર થઈ શકે છે?

જો કે, ભારત અને અફઘાનિસ્તાન સાથે કોઈ સામાન્ય સરહદ નથી અને તાલિબાન સરકાર સાથે ભારત મજબૂત રાજદ્વારી સંબંધો ધરાવતું નથી. સાઉથ એશિયન યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર ધનંજય ત્રિપાઠી માને છે કે આવા યુદ્ધથી પ્રાદેશિક સ્થિરતા પર અસર પડી શકે છે અને અન્ય દેશોને આ ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરવાની તક મળી શકે છે. જો તાલિબાન સાથેના સંઘર્ષને કારણે પાકિસ્તાન પરેશાન છે, તો ભારતને આ સંદર્ભમાં થોડી શ્વાસ લેવાની જગ્યા મળી શકે છે, કારણ કે પાકિસ્તાન હંમેશા ભારત વિરુદ્ધ સક્રિય રહે છે. આ રીતે, ટૂંકા ગાળામાં તે ભારત માટે સારું હોઈ શકે છે, પરંતુ આપણે જોવું પડશે કે તાલિબાન આના પર કેવી પ્રતિક્રિયા આપે છે. જો અફઘાનિસ્તાનમાં પાકિસ્તાન સામે લડવા માટે વિવિધ સંગઠનો ઉભરી આવે છે, તો ભવિષ્યમાં તે ભારત માટે સારું રહેશે નહીં. આ સંગઠનોની તાકાત વધી જાય તો તેઓ ભારતને પણ નુકસાન કરી શકે છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં અફઘાનિસ્તાનમાં તાલિબાન વહીવટીતંત્રના વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકીએ છ દિવસ માટે ભારતની મુલાકાત લીધી હતી. ઓગસ્ટ ૨૦૨૧ માં તાલિબાનના અફઘાનિસ્તાનમાં પાછા ફર્યા પછી તાલિબાન સરકારના પ્રધાન દ્વારા ભારતની આ પહેલી સત્તાવાર મુલાકાત હતી. મુત્તાકીની ભારત મુલાકાત દરમિયાન પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ પર સંઘર્ષ થયો હતો, જેમાં બંને પક્ષોએ એકબીજાને નોંધપાત્ર નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો હતો. મુત્તાકીની ભારત મુલાકાતથી પાકિસ્તાન નારાજ હોવાનું માનવામાં આવતું હતું, જેણે તાજેતરમાં મોટી સંખ્યામાં અફઘાન શરણાર્થીઓને દેશનિકાલ કર્યા છે. મિડલ ઇસ્ટ ઇનસાઇટ્સ પ્લેટફોર્મના સ્થાપક ડો. શુભદા ચૌધરી કહે છે કે આવા સંઘર્ષની અસર ભારત અને ઈરાન બંને પર પડી શકે છે, કારણ કે ઈરાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ છે. આ સંઘર્ષ લાંબો સમય ચાલશે નહીં કારણ કે પાકિસ્તાનની આર્થિક સ્થિતિ પણ બહુ સારી નથી.

વિદેશી બાબતોના નિષ્ણાત કમર આગા માને છે કે કોઈ પણ પક્ષ ભારતનો મિત્ર નથી, તેથી ભારત ઈચ્છે છે કે આ સંઘર્ષ ચાલુ રહે અને તે મોટા અને નાના બંને સ્તરે ચાલુ રહેશે. આનાથી ભારતને ફાયદો એ થશે કે તેનો પાકિસ્તાન જેવો દુશ્મન બીજા મોરચે રોકાયેલો છે. જો આ સંઘર્ષ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો તેની અસર ભારત તેમજ ઈરાન પર પડશે, જે પોતે ઈઝરાયલ અને અમેરિકા સાથે તણાવની સ્થિતિમાં છે. જો લડાઈ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો અફઘાન શરણાર્થીઓ ફરી વાર ભારત અને ઈરાન જવા માંગશે. ચીન, પશ્ચિમી દેશો અને અમેરિકા આ સંઘર્ષ વધશે તેવું ઇચ્છશે નહીં, કારણ કે તે પાકિસ્તાન સાથેના સંબંધો ફરીથી બનાવી રહ્યું છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન આવ્યું તે પહેલાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ખૂબ સારા સંબંધો હતા. હકીકતમાં, રાજદ્વારી દૃષ્ટિકોણથી અફઘાનિસ્તાન હંમેશા ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે અને ખાસ કરીને પાકિસ્તાન સાથે ભારતના સંબંધો સતત તણાવપૂર્ણ રહ્યા છે, જે ભારત માટે અફઘાનિસ્તાનનું મહત્ત્વ વધારે છે. આ વખતે પણ અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસનને લગભગ પાંચ વર્ષ થઈ ગયાં છે અને ભારત પાકિસ્તાનને ખુશ કરવા માટે તાલિબાન શાસન સાથેની વાતચીતને સકારાત્મક રીતે આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. જો તાલિબાન શાસન અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો તે અફઘાનિસ્તાનને ઘણા ટુકડાઓમાં વિભાજીત કરી શકે છે. આ પરિસ્થિતિ પ્રાદેશિક રીતે ભારત માટે સારી નહીં હોય, કારણ કે ઘણાં જૂથોના ઉદ્ભવ સાથે, તેમાંથી કેટલાંક જૂથો ભારતની વિરુદ્ધ થઈ શકે છે. આનાથી સમગ્ર દક્ષિણ એશિયાના ક્ષેત્રમાં અસ્થિરતા પણ ફેલાઈ શકે છે.

હકીકતમાં, ૧૩૩ વર્ષ પહેલાં દોરેલી ડુરાન્ડ લાઇન હજુ પણ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવનું કારણ છે. ડુરાન્ડ લાઇનનું નામ બ્રિટિશ ભારતના વિદેશ સચિવ સર હેનરી મોર્ટિમર ડુરાન્ડના નામ પરથી રાખવામાં આવ્યું હતું, જેમણે અફઘાનિસ્તાનના અમીર અબ્દુર રહેમાન ખાન સાથે વાટાઘાટો કરી હતી. આ રેખાનો પશ્ચિમ છેડો ઈરાની સરહદને મળે છે, જ્યારે પૂર્વ છેડો ચીની સરહદને મળે છે. બ્રિટને ૧૮૩૯ માં અફઘાનિસ્તાન પર આક્રમણ કર્યું, જેમાં બ્રિટિશ દળોનો પરાજય થયો હતો. ૧૮૪૯માં અંગ્રેજોએ પંજાબ પર કબજો કર્યો. ત્યાર બાદ તેઓએ સિંધુ નદીની પશ્ચિમે આવેલી શીખ સરહદ પર કબજો કર્યો. આ પ્રદેશમાં અસંખ્ય પશ્તુન જાતિઓ રહેતી હતી અને તેમનો વહીવટ અંગ્રેજો માટે સમસ્યાઓ ઊભી કરી રહ્યો હતો. એક સમયે ડુરાન્ડ લાઇન અંગેના કરારને ઘણા અફઘાન શાસકોએ માન્યતા આપી હતી. સમય જતાં અફઘાન શાસકોએ તેને પાકિસ્તાન સાથેની સરહદ તરીકે માન્યતા આપવાનો ઇનકાર કર્યો હતો. તત્કાલીન ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગો પર પોતાનું નિયંત્રણ મજબૂત કરવા માટે બ્રિટિશ સરકારે ૧૮૯૩માં અફઘાનિસ્તાન સાથે ૨,૬૪૦ કિ.મી. લાંબી સરહદના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. એક તરફ અફઘાનિસ્તાનના ૧૨ પ્રાંત છે અને બીજી તરફ ખૈબર પખ્તુનખ્વા, બલુચિસ્તાન અને ગિલગિટ-બાલ્ટિસ્તાન જેવા પાકિસ્તાની પ્રદેશો છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ખુલ્લી સરહદ છે અને બંને બાજુનાં લોકો એકબીજાની ખૂબ નજીક છે. આ નિકટતા ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધો સુધી વિસ્તરે છે. અફઘાનિસ્તાનની સરકાર માને છે કે પાકિસ્તાન સાથે દોરેલી ડુરાન્ડ રેખા તેની પ્રાદેશિક અખંડિતતામાં દખલ કરે છે અને તેથી તેને માન્યતા આપવાનો ઇનકાર કરે છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ઈરાન બંને પક્ષો વચ્ચેની વાતચીતમાં મધ્યસ્થી તરીકે કામ કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાને સારા પડોશી તરીકે વાતચીત દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈએ. પાકિસ્તાની અને અફઘાન દળો વચ્ચેના અગાઉના યુદ્ધની જેમ બંને પક્ષોએ એકબીજા પર હુમલો કરનાર પ્રથમ હોવાનો આરોપ લગાવ્યો છે અને બંનેએ ભારે જાનહાનિ પહોંચાડવાનો દાવો કર્યો છે. અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈએ કાબુલ, કંદહાર અને પક્તિકામાં થયેલા પાકિસ્તાની હુમલાઓની નિંદા કરી છે. પાકિસ્તાન ઘણાં વર્ષોથી તાલિબાન સરકાર પાસેથી પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી રહ્યું છે અને આ માંગ તાજેતરમાં વધુ તીવ્ર બની છે. આ ઘટના પછી બંને પક્ષો વચ્ચે તણાવ ચાલુ રહ્યો છે. જો કે આ તણાવ ઘટાડવા માટે શાંતિ વાટાઘાટો અને કરારો થયા હતા, પરંતુ સંઘર્ષનો અંત આવ્યો ન હતો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

વિદેશી બાબતોના નિષ્ણાત કમર આગા માને છે કે કોઈ પણ પક્ષ ભારતનો મિત્ર નથી, તેથી ભારત ઈચ્છે છે કે આ સંઘર્ષ ચાલુ રહે અને તે મોટા અને નાના બંને સ્તરે ચાલુ રહેશે

રાજ્યનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં હવે પાંચ નિષ્ણાત તબીબો ઉમેરાશે

બાળ-સ્ત્રીરોગ નિષ્ણાંત, ફિઝિશિયન, જનરલ સર્જન ઉપરાંત એક્સ-રે અને લેબ ટેક્નિશિયન સહિતનો સ્ટાફ વધારાશે

ગાંધીનગરઃ રાજ્યના નાગરિકોને ઘર આંગણે જ આધુનિક સારવાર મળી રહે એ માટે હયાત ૨૭૨ના મહેકમમાંથી કુલ ૪૦ના મહેકમ પ્રમાણે નવીન મહેકમ મુજબ સામૂહિક કેન્દ્રોને અપગ્રેડ કરવાનો રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે. આજે દેશભરની ૧૪થી ૧૫ વર્ષની દીકરીઓને સર્વાઇકલ કેન્સર ન થાય તે માટેની રસી વિનામૂલ્યે આપવાનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવી રહ્યો છે.

વિધાનસભામાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતુ કે, ૧૪થી ૧૫ વર્ષની દીકરીઓને સર્વાઇકલ કેન્સર ન થાય તે માટેની રસી વિનામૂલ્યે આપવાનો રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં પણ આ રસીકરણ અભિયાનનો શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતેથી થઈ રહ્યો છે. જે અભિયાન હેઠળ રાજ્યની ૧૪ વર્ષ પૂર્ણ કરેલ પરંતુ 15 વર્ષ પૂર્ણ ના થયેલા હોય તેવી દીકરીઓને આવરી લેવાનું આયોજન છે.

સામૂહિક કેન્દ્રોને નવીન મહેકમ મુજબ અપગ્રેડ કરવાના મામલે ધાનેરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવીન મહેકમ મુજબ વધારાના 5 (પાંચ) તજજ્ઞો જેવા કે, બાળરોગ નિષ્ણાંત, સ્ત્રી-રોગ નિષ્ણાંત, ફિઝિશિયન, જનરલ સર્જન, એનેસ્થેશિઓલોજીસ્ટ અને પેરામેડિકલ સ્ટાફ જેવા કે, એક્સ-રે ટેક્નિશીયન, લેબોરેટરી ટેક્નિશીયન, સ્ટાફ નર્સ તેમજ અન્ય વર્ગ-૩ અને વર્ગ-૪ની વધારાની જગ્યાઓ મંજૂર કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જે અન્વયે આગામી વર્ષોમાં તબક્કાવાર તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં નવીન મહેકમ પેટર્ન મુજબ વધારાની જગ્યાઓ મંજૂર કરવા અને તે મુજબ જરૂરીયાત પ્રમાણે સંલગ્ન કાર્યવાહી કરવામાં આવશે.

સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપતી રસી અભિયાનનો પ્રારંભ

રાજ્યમાં 5.50 લાખ કિશોરીઓનું રસીકરણ કરાશે : મુખ્યમંત્રી



અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાની ઉપસ્થિતિમાં રાજ્યવ્યાપી રસીકરણ મહાઅભિયાનનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, સરકારની પ્રાથમિકતા છે કે છેવાડાનો માનવી પણ દવા કે પૈસાના અભાવે મૃત્યુ ન પામે. આ માટે આયુષ્માન કાર્ડની સારવાર મર્યાદા રૂ. 05 લાખથી વધારીને 10 લાખ કરવામાં આવી છે. ખોરાકમાં ભેળસેળને કારણે કેન્સર જેવા રોગો વધી રહ્યા છે, ત્યારે 'પહેલું સુખ તે જાતે નર્યા'ના સૂત્રને સાર્થક કરવા અને આપણી દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આ રસીકરણ અભિયાનમાં ભાગ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ મહત્વકાંક્ષી અભિયાન અંતર્ગત ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઇકલ કેન્સરની અટકાયત માટે 14 વર્ષ પૂર્ણ કરેલી અને 15મો જન્મદિવસ બાકી હોય તેવી રાજ્યની અંદાજે 5.50 લાખ કિશોરીઓને રસીકરણથી સુરક્ષિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ભારતમાં મહિલાઓમાં નોંધાતા કુલ કેન્સરમાં સર્વાઇકલ કેન્સર બીજા સ્થાને છે, જેમાં મુખ્યત્વે HPV-16 અને HPV-18 પ્રકારના વાયરસ જવાબદાર છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને અત્યંત અસરકારક અને સુરક્ષિત એવી ક્વાડ્રિવેલેન્ટ HPV વેક્સિન હવે ગુજરાતની કિશોરીઓને પૂરી પાડવામાં આવશે.

BUSINESS મિત્ર

ઇરાન યુદ્ધથી શેરબજારમાં મોટા કડાકાની ભીતિ

વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજાર પણ મોટા ગેપ ડાઉન સાથે ખુલવાની દહેશત

ક્રૂડ ઓઈલની અસરઃ હાલ ભાવ $67 આસપાસ છે, પણ જો તે $80 વટાવે તો ભારત માટે મેક્રો ઈકોનોમિક દબાણ વધશે

નવી દિલ્હી, તા. 28ઃ ઇઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે ભવિષ્યમાં બજાર પર દબાણ આવી શકે છે અને તેમાં થોડું વેચાણ થઇ શકે છે. વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે સામાન્ય રીતે બજારમાં નકારાત્મકતા અને વેચાણનું દબાણ સર્જાયું છે. તેથી, પ્રારંભિક પ્રતિક્રિયા નકારાત્મક હોવાની સંભાવના છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, આ યુદ્ધ લાંબા સમય સુધી ચાલશે કે પછી તે ટૂંકા ગાળાની સૈન્ય કાર્યવાહી હશે તેના પર બજાર નજર રાખશે. આ નક્કી કરશે કે તેની કેટલી અસર થશે. જોકે, આગામી સપ્તાહની શરૂઆત વૈશ્વિક નકારાત્મક સંકેતોની પાછળ ગેપડાઉન ખુલવાના સંકેત આપી રહ્યા છે અને આ મોટા ગેપડાઉનની સંભાવના જોવાઈ રહી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા યથાવત છે. આ લડાઈ હોર્મુઝની સામુદ્રધુની દ્વારા વેપારમાં વિક્ષેપો વિશે ચિંતા છે. એનરિચ મનીના સીઈઓ પોનમુડી આરએ જણાવ્યું હતું કે ભારત માટે, જે મુખ્ય તેલ આયાતકાર છે, ઉર્જાના ભાવમાં વધારો પહેલાથી જ નબળા જોખમી વાતાવરણમાં વધુ એક મેક્રો ઈકોનોમિક દબાણ પેદા કરશે. બીજી તરફ, કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે, ગેપડાઉન સાથે ખુલી શકે છે, પણ છેલ્લે ઈન્ડેક્સ સરભર કરી શકે છે.

મોટો પ્રશ્ન એ છે કે આગામી અઠવાડિયામાં આ વધારો કેવી રીતે રમશે. આ જાણવું ખૂબ જ જરૂરી છે. હાલમાં, ક્રૂડ ઓઈલ લગભગ 67 ડોલર પ્રતિ બેરલ છે અને તેમાં લગભગ 2 ટકાનો વધારો થયો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધુ વધારો ટૂંકાથી મધ્યમ ગાળામાં ભારતીય બજારો પર વધુ દબાણ લાવશે.

ભારત માટે ક્રૂડ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે ક્રૂડ ઓઈલના ભાવો પર ચાંપતી નજર રાખવાની જરૂર છે. જો ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થાય છે અને ધારો કે તે 80 ડોલર પ્રતિ બેરલથી ઉપર જાય છે, તો તેની ભારતીય બજારો પર મોટી ખરાબ અસર પડી શકે છે. ક્રુડ ઓઈલના વધતા ભાવથી મોંઘવારી વધશે, જેની અસર તમામ ક્ષેત્રો પર પડશે. જો કે, તેની અસર કેટલાક ક્ષેત્રો પર તરત જ જોવા મળશે.

આવતા સપ્તાહમાં ઘણી અસ્થિરતાની સંભાવના છે. મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે સીધો મુકાબલો વધુ ગંભીર બનવાનું જોખમ વધી રહ્યું છે. સામાન્ય રીતે આવા વાતાવરણમાં ટૂંકા ગાળામાં એનર્જી અને ડિફેન્સ શેરોને ટેકો મળે છે. ગોલ્ડ અને યુએસ ટ્રેઝરી જેવા સલામત આશ્રયસ્થાનોમાં પણ રોકાણ વધે છે.

તેનાથી વિપરીત, ઉડ્ડયન, લોજિસ્ટિક્સ, ગ્રાહક વિવેકબુદ્ધિ અને દર-સંવેદનશીલ શેરોમાં વધઘટ થવાની સંભાવના છે કારણ કે ઊંચા ઇનપુટ ખર્ચ અને નીતિની અનિશ્ચિતતા સેન્ટિમેન્ટ પર ભાર મૂકે છે. તે જ સમયે, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ, એવિએશન, પેઈન્ટ, ઓટો અને લોજિસ્ટિક્સને માર્જિનમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આ ઉપરાંત વૈશ્વિક બજારમાં જોખમ ટાળવાના કારણે આઈટી શેરોમાં વધઘટ ચાલુ રહી શકે છે.

હવે AI વગર નોકરી જોખમમાં? ટેક દિગ્ગજોએ શરૂ કર્યું 'AI ટ્રેકિંગ'

મોટા ભાગની કંપનીઓએ કર્મચારીઓને પ્રમોશન તથા નોકરી ચાલુ રાખવા એઆઇનું જ્ઞાન જરૂરી બનાવ્યું

નવી દિલ્હી, તા. 28ઃ વિશ્વની મોટી ટેક કંપનીઓ એઆઇ ટુલ્સ બનાવવાની સાથે સાથે તેના ઉપયોગને પણ પ્રોત્સાહન આપી રહી છે. એમેઝોન, ગુગલ, મેટા, માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ કર્મચારીઓ નિયમિતરૂપે એઆઈનો કેટલો ઉપયોગ કરે છે તેની નજર રાખીને તેનો વધુને વધુ ઉપયોગ થાય તેવા પ્રયાસો કરાઇ રહી છે. આ કંપનીઓના કર્મચારીઓના પર્ફોમન્સ રિવ્યૂ અને પ્રોડક્ટિવીટી મેટ્રિક્સમાં એઆઈનો ઉપયોગ મહત્વનો બન્યો છે. કેટલીક કંપનીઓ પ્રમોશન અથવા નોકરી ચાલુ રાખવા એઆઈનું જ્ઞાન જરૂરી બન્યું છે. જાણકારોના મતે એઆઇ અપનાવતી કંપનીઓ જ લાંબા ગાળે ટકી શકશે. એમેઝોને એન્જિનીયર્સ માટે એઆઇ ટુલ્સની ઉપયોગિતા માટેના ડેશ બોર્ડ બન્યા છે. ગુગલે સોફ્ટવેર એન્જિનીયર્સના પરફોર્મન્સ રિવ્યુમાં એઆઇના ઉપયોગનો સમાવેશ કર્યો છે. મેટાની નવી સીસ્ટમ એઆઇ દ્વારા લખાયેલા કોડની લાઇનો જેવ માહિતીઓ ટ્રેક કરશે. માઇક્રોસોફ્ટમાં કર્મચારીઓ તેમના વર્કફલો માં એઆઇનો ઉપયોગ કેવી રીતે કરે છે તે કહેવું ફરજિયાત બનાવાયું છે. સેલ્સફોર્સના વાર્ષિક ડેશબોર્ડમાં એઆઇ ફ્લુઅન્સી ટ્રેકર ઉમેરવામાં આવ્યું છે.

તાજેતરના સર્વેમાં ટેક સેક્ટરના લગભગ 42 ટકા કર્મચારીઓએ જણાવ્યું છે કે, તેમના મેનેજરો રોજિંદા કામમાં એઆઇનો ઉપયોગ કરવાની અપેક્ષા રાખે છે. આ આંકડો માત્ર આઠ મહિના પહેલા 28 ટકા હતો. આઇટી સિવાયના સેકટર્સમાં 35 ટકા કંપનીઓને એઆઇથી ફાયદો થયો હોવાનું સામે આવ્યું છે. એઆઇનો ઉપયોગ વધી રહ્યો હોવા છતાં ઘણા કર્મચારીઓને શંકા છે કે, એઆઇ ખરેખર સમય બચાવે છે કે નહીં, પરંતુ તેમને નોકરીની ચિંતા હોવાથી એઆઇને અપનાવ્યું છે.

અપીલ દાખલ કરવાની સમયમર્યાદા ભૂલ સુધારણા આદેશની તારીખથી ગણવાની રહે

નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...
ઈશ્વર રૂદલાલ

GST કાયદા હેઠળ અપીલ દાખલ કરવા માટે ચુસ્ત સમયમર્યાદા નિયત કરવામાં આવેલ છે અને ના.ગુજરાત હાઈકોર્ટે તાપી રેડી પ્લાસ્ટના તા. 27-11-2025ના ચૂકાદામાં ઠરાવેલ છે કે કાયદામાં ઠરાવેલ 4 મહિનાની સમયમર્યાદામાં પ્રથમ અપીલ દાખલ ન કરવામાં આવેલ હોય તો તેવી અપીલ દાખલ કરવામાં થયેલ ઢીલ હાઈકોર્ટે પણ માફ ન કરી શકે. ત્યારે ના.ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં ઠરાવ્યું છે કે જો કોઈ આદેશ વિરૂધ્ધ ભૂલ સુધારણા માટે અરજી કરવામાં આવેલ હોય ત્યારે અપીલ કરવા માટેની સમયમર્યાદા ભૂલ સુધારણા આદેશની તારીખથી ગણવાની રહે. ખેર ! ના.ગુજરાત હાઈકોર્ટના કૈલાસ સપ્લાર્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત સ્પે. સી.એપ્લી. નં. 9540/-2025ના તા. 29-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

હકીકત...

આ કેસમાં વેપારી વિરૂધ્ધ તા. 12-8-24ના રોજ આદેશ પસાર કરવામાં આવેલ સદરહુ આદેશમં દેખીતી ભૂલ જણાતા, વેપારીએ તા. 5-11-24ના રોજ કલમ 161 હેઠળ ભૂલ સુધારણા માટે અરજી કરેલ. આ અરજી અંગેનો આદેસ તા. 19-3-25ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. તો ભૂલ સુધારણા આદેશ મળ્યાના એક અઠવાડિયામાં તા. 25-3-25ના રોજ અરજદારે તા. 12-8-24ના સુધી આદેશ સામે પ્રથમ અપીલ દાખલ કરેલ અને દાખલ કરવામાં આવેલ અપીલ ફોર્મની આઇટમ 16 અને 17માં વેપારીએ તેણે કરેલ ભૂલ સુધારણા માટેની અરજીની વિગત જણાવી. આમ છતો. પ્રથમ અપીલ સમયમર્યાદામાં દાખલ ન કરવાના કારણસર નામંજૂર કરવામાં આવતા અરજ